## જન્મદિને વધામણી



કુમુદબેન જનાર્દન જોષી
સામાજિક કાર્યકર
ફોન : ૨૩૨૬૦૫૫૬



પિયુષ વીરસિંહ મકવાણા
મો. ૯૮૨૪૨ ૭૭૩૧૭



હરેશ પાલવીયા
મો. ૯૯૦૯૯ ૧૦૪૯૫



શ્રાવ્ય ભાવેશકુમાર પટેલ

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોઝર ટૂરનો શનિવારથી પ્રારંભ

## ધો. ૫ થી ધો. ૧૦ના બાળકોને મર્યાદિત સંખ્યામાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૨૩

વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ તથા ક્ષમતા વધે તે આશયથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને રસ પડે તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે એક અનોખો પ્રવાસનો કાર્યક્રમ યોજાય છે. જેમાં વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિકસમજ મળે તેમજ ટેકનોલોજીનો ખ્યાલ આવે તે હેતુથી વિવિધ વૈજ્ઞાનિક સંસ્થાઓ તથા ઈન્ડસ્ટ્રીઝ વગેરેની મુલાકાત યોજવામાં આવે છે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ વર્ષે પણ તા. ૨૮મીએ શનિવારે 'ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોઝર ટૂર'નું આયોજન કરવામાં આવ્યુ છે. આ ટૂરમાં વિદ્યાર્થીઓને ગાંધીનગરની મધુર ડેરી, કલોલની ઈફકો ફેક્ટરી ઉપરાંત એન્વાયર્મેન્ટ સેનિટેશન ઈન્સ્ટીટ્યુટ જેવી સંસ્થાઓની મુલાકાત લેવડાવવામાં આવશે. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે બાહ્ય જગતના જ્ઞાનને પણ મેળવે તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પોઝર ટૂરમાં ધોરણ-૫ થી ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ટૂરમાં જોડાવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ તા. ૨૭મી મે શુક્રવાર સુધીમાં પોતાના નામ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, પ્લોટ નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે નોંધાવી દેવાના રહેશે. ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોઝર ટૂરનો સમય સવારે ૮ થી બપોરના ૧ વાગ્યા સુધીનો છે. તેમજ આ ટૂરમાં મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ લઈ જવાના હોઈ સત્વરે સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. આ ટૂર અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણાનો અથવા શિવાંગ પટેલનો સંપર્ક સાધવા જણાવાયું છે.



મેળાનો મને થાક લાગ્યો : ગાંધીનગરના કલાકારો અભિનિત મેળાનો મને થાક લાગ્યો... નાટકનું મુહૂર્ત રવિવારે સવારે યોજાયું હતું. શહેરના જાણીતા વરિષ્ઠ કલાકાર વિભાબેન ઠક્કરે ખાસ ઉપસ્થિત રહી કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

# ગુજરાત પર્યાવરણ સંસ્થાના અધ્યક્ષપદે વન વિભાગના અગ્રસચિવ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન(ગેમી)ની રચના મુખ્યસચિવના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

કાર્ય પદ્ધતિના સુચારૂ અમલીકરણ માટે હવે ગેમીના અધ્યક્ષપદે વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ રહેશે, તેમ વન અને પર્યાવરણ વિભાગના અધિક સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-3**
એક્સ મેન (ડબ્ડ હિન્દી)
૩.૪૫, ૯.૪૫
એક્સ મેન (ડબ્ડ અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
અઝહર
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
સરબજીત
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

# પ્રજ્ઞેશ પટેલ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના જાણીતા શિક્ષણવિદ અને સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલ ગણિત વિષયમાં પીએચડી થયા છે.

શ્રી જગદીશપ્રસાદ જાબરમલ તિબ્રેવાલા યુનિવર્સિટી, મુંબઈ તરફથી પ્રજ્ઞેશ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલા મહાશોધ નિબંધ 'હેન્ડલિંગ ઈન્વેન્ટરી અન્ડર સ્ટોચેસ્ટીક લેટન્ટ પિરીયડ' માન્ય રાખીને તેમને આ પદવી એનાયત કરવામાં આવી છે.

ગાંધીનગરના શિક્ષણ જગત તરફથી પ્રજ્ઞેશ પટેલને આ પીએચડી ડિગ્રી મેળવવા બદલ અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.




જિલ્લાના મોટી-આદરજ ગામ ખાતે ગાંધીનગર ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ ચિલ્ડ્રન હેલ્પલાઈન અને જીલ્લા બાળ સુરક્ષા એકમના સહયોગથી બાળલગ્ન નાબુદી અને બાળમજુરી તથા ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પર રેલીનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના લોકોએ ખુબજ ઉત્સાહથી ભાગ લીધો હતો અને પ્રોગ્રામ ને સફળ બનાવ્યો હતો. રેલીમાં ગામના બાળકો અને સાથે સાથે ગામની સ્ત્રીઓ પણ જોડાઈ હતી.

# એમએડની ૫૦૦ બેઠકો પર ઓનલાઈન સિસ્ટમથી પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી એમ.એડની ૧૦ જેટલી કોલેજોમાં પણ ચાલુ વર્ષે સંપૂર્ણ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા દાખલ કરવાનું નક્કી કરાયું છે. આજથી આ કાર્યવાહીનો આરંભ કરાયો છે.

હવે, આગામી તારીખ ૧૫મી જૂન સુધી વિદ્યાર્થીઓ ખાનગી બેંકમાંથી ફોર્મ મેળવીને આ જ દિવસો દરમ્યાન પોતાનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. બી.એડ અને એમ.એડની પ્રવેશ પ્રક્રિયા એક સાથે ઓનલાઈન સિસ્ટમથી હાથ ધરાશે.

બી.એડ થયા બાદ વિદ્યાથીઓને એમ.એડમાં પ્રવેશ આપવામાં આવે છે. જોકે, ગત વર્ષથી બી.એડનો કોર્સ બે વર્ષનો કરી દેવાના કારણે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ હાલ બી.એડ.ના પ્રથમ વર્ષમાં જ અભ્યાસ કરી રહ્યા છે. જેના લીધે એમ.એડ.ના પ્રવેશમાં ભારે ફટકો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. હાલમાં એમ.એડની કુલ ૧૦ જેટલી કોલેજોમાં ૫૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. ગયા વર્ષે એમ.એડ.માં પણ ફોર્મ ઓનલાઈન ભરાવ્યા બાદ વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવીને પ્રવેશ અપાયો હતો.

અલબત્ત, આ વખતે એમ.એડની. ૫૦૦ પૈકી મોટાભાગની બેઠકો ખાલી પડે તેમ છે. ભૂતકાળમાં બી.એડ કરી ચુક્યા હોય તેવા વિદ્યાર્થીઓ એમ.એડ માટે અરજી કરે તો સરળતાથી પ્રવેશ મળી રહેશે. કારણ કે બી.એડ.નો કોર્સ બે વર્ષનો કરી દેવાના કારણે ચાલુ વર્ષે ફ્રેશ બી.એડ. થયેલા વિદ્યાથીઓ મળી શકે તેમ નથી.

# માનવ ભૂતકાળનાં દુ:ખ ભૂલી શકતો નથી, ભવિષ્યનાં સુખ જોઈ શકતો નથી

ગાંધીનગર, તા. ૨૩

માનવમાત્રના ઈતિહાસનો સાર એ છે કે જન્મે છે, દુ:ખી થાય છે અને મૃત્યુ પામે છે. તેમાં પણ એક જ શબ્દમાં તેનો સાર સમજવો હોય તો તે છે, સંઘર્ષ. તમે હરો છો, ફરો છો, જીવો છો ત્યાં બધે જ સંઘર્ષ છે. મનુષ્ય માત્ર મોહ-અજ્ઞાનને કારણે મોહાંધ થઈને જીવે છે. ભય-દુ:ખ, વિષય-વાસના, સંકલ્પ-વિકલ્પ સાથે જીવે છે. માટે જે જીવનમાં ધર્મનાં શરણે જતો નથી કે સંત-ચરણનાં શરણે જતો નથી તેનું જીવન ક્ષુલ્લક છે. મનુષ્ય જીવન મથામણ નથી પણ અજ્ઞાનતા છે. જીવન એ તો જન્મથી મૃત્યુ સુધીની યાત્રા છે અને તમને તે જીવવામાં પસંદગી મળી છે ત્યારે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહે છે, તેમ તમારા જીવન સામે જેવું વલણ અપનાવશો, તેવું તમારી નજર સમક્ષ છતું થશે. માટે જીવન વલણ સકારાત્મક રાખો, એમ બી.એ.પી.એસ.ના સાધુ બ્રહ્મ-વિહારીદાસજીએ અમદાવાદના ગુજરાત યુનિ. કન્વેન્શન હોલ ખાતે શરૂ થયેલી ત્રિદિવસીય પારાયણના પ્રથમ દિવસે જણાવ્યું હતું. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે 'પૂજય પ્રમુખસ્વામીના શુદ્ધ અને પવિત્ર જીવનમાંથી નવ બોધપાઠ' વિષય ઉપર આધારિત આ પારાયણ રાત્રે ૮.૩૦થી તા.૨૧મી મે, ૨૦૧૬ સુધી યુનિવર્સિટી કન્વેન્શન હોલ, મેમનગર ખાતે યોજાઈ રહી છે.

સાધુ બ્રહ્મવિહારીદાસજીએ જણાવ્યું હતું કે જીવનમાં જે મળ્યું છે, તેનું જતન કરજો. માતા-પિતા, વડીલો દ્વારા જે સંસ્કારનો વારસો મળ્યો છે, તે સાચવજો. જે જ્ઞાન મળ્યું છે, તેની વૃદ્ધિ કરવાની છે. અપગ્રેડ કરવાનું છે. એટલે કે જૂનાને નવું કરવાનું છે અને મૂલ્યોનું સંવર્ધન કરવાનું છે. મનને સ્વચ્છ રાખજો. જો તમે પૂર્વગ્રહ વગર અહીં પણ બેસીને કંઈક સાંભળશો તો તમારા જીવનમાં ચમત્કાર સર્જાશે.

# 'તેરી પાયલ મેરે ગીત' : સંસ્કૃતિ સંસ્થાના ત્રીજા વર્ષનો પ્રથમ કાર્યક્રમ








ગાંધીનગર શહેરની ત્રીજા વર્ષમાં પ્રવેશેલી સંસ્થા 'સંસ્કૃતિ'એ શનિવારે ગીત-સંગીત-નૃત્ય-દશ્ય સાથેનો ચતુષ્પરિમાણીય કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. લિમ્કા બૂક ઑફ રૅકર્ડ્ઝમાં સ્થાન ધરાવતી ભાવનગરની સંસ્થા 'સૂરીલી સાંજ' અને લિમ્કા બૂક ઑફ રૅકર્ડ્ઝમાં જેમનું નામ છે એવાં ભાવનગરનાં નૃત્યાંગના ડૉ. નીપા ઠક્કરનાં નૃત્યોનું કૉમ્બિનેશન કરીને એક નવતર કાર્યક્રમ પ્રસ્તુત કરાયો.

કાર્યક્રમના અતિથિ તરીકે આરટીઆઈ કમિશનર વસંતભાઈ ગઢવી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભે સભ્યોનું ને કલાકારોનું સ્વાગત સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલે કર્યું. એ પછી હરહંમેશની જેમ માઈકનો દોર સંભાળ્યો સંસ્થાના મંત્રી મનોજ શુક્લએ. એમણે દિલ ખોલીને સભ્ય સંખ્યા વધારવા માટેની અપીલ કરી ને એ અપીલને તરત જ પ્રતિસાદ પણ સાંપડી ગયો. ભાવનગરના કવિ મહેન્દ્રભાઈની પંક્તિઓ સંભળાવીને એમણે પ્રેક્ષકોને રંગમાં લાવી દીધા, 'જો માપવો જ હોય તો દરિયા સમ છું હું, જો પી જવો હોય તો ખોબા સુધી આવું. અમારી સંસ્થા આ ખોબા સુધી આવવાના ભાવ સાથે આપની સમક્ષ આવી છે. એટલે જ આ ત્રીજા વર્ષે પણ અમે સંસ્થાની ફીમાં એકપણ પૈસાનો વધારો કર્યો નથી. આ ત્રીજું વર્ષ અને અમે કાર્યક્રમની ગુણવત્તા સાથે કોઈ સમાધાન કર્યું નથી, આ ત્રીજું વર્ષ અને છતાં પ્રેક્ષકો અહીંથી નીકળે ત્યારે અમારા પ્રત્યે કશોક હર્ષ વ્યક્ત કરીને નીકળે એવી ભાવનાનું કોઈ જગ્યાએ ખંડન થવા દીધું નથી.' ભાવથી બોલાયેલા એમના આ શબ્દો પ્રેક્ષકોમાં સુંદર રીતે ઝીલાયા ને પડઘાયા પણ ખરા.

એ પછી ચતુષ્પરિમાણીય કાર્યક્રમનો વિધિવત આરંભ થયો. મનોજભાઈના કહેવા પ્રમાણે કાર્યક્રમ માટે છ માસ સુધી મહેનત કરવામાં આવી હતી અને ગાયક કલાકારોએ એવી સુંદર મહેનત કરી હતી કે પડદા પર ઓરિજિનલ ગીત દેખાડાતું હોય એ કલાકારના 'લિપ્સીંગ' સાથે ગાયકના શબ્દો મૅચ થઈ જાય છે. પરંતુ, કાર્યક્રમ દરમ્યાન બહુધા એવું જોવામાં આવ્યું નહીં.

ડૉ. નીપા ઠક્કર ફિલ્મી ગીતો પર નૃત્ય કરવા માટે તૈયાર નહોતાં થયાં, પરંતુ એમને વિનંતી કરીને તૈયાર કરવામાં આવ્યાં. 'કોઈ સિટી તો નહીં વગાડે ને?' એવો સવાલ એમના દ્વારા કરાયો ત્યારે મનોજભાઈ દ્વારા એમ કહેવાયું કે 'ગાંધીનગરનું ઑડિયન્સ ખૂબ સંસ્કારી છે, સિટી કોઈ નહીં વગાડે.' ત્યારે ડૉ. નીપા ઠક્કર તૈયાર થયાં. પરંતુ થયું એવું કે ડૉ. નીપા ઠક્કર દ્વારા તૈયારી વિના જ નૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યાં હોય એવું લાગ્યું. ભલે આ લખનારને કે પ્રેક્ષકો તરીકે જોનાર બધાને શાસ્ત્રીય નૃત્યોમાં ડૉ. નીપા ઠક્કર જેટલી સમજ નથી, પણ ડૉ. નીપા ઠક્કરનું નામ રાજ્યમાં આદરથી લેવાય છે, લિમ્કા બૂક ઑફ રૅકર્ડ્ઝમાં એમનું નામ સામેલ છે અને ભાવનગરના કલામર્મજ્ઞ ધરમશીભાઈનાં શિષ્યા તરીકે સ્ટેજ પર એમનું નામ જ્યારે લેવાતું હોય ત્યારે એમનાં નૃત્યોમાં ભાગ લેતી દીકરીઓ કંપોઝીશન વેળા એકમેક સાથે અથડાઈ જાય, કંપોઝીશન્સમાં સિન્ક્રોનાઈઝેશન જ ન હોય એવી અપેક્ષા તો કમ-સે-કમ ડૉ. નીપા પાસેથી ન જ હોય. જોકે, એમના નામથી અંજાયેલાં કે પછી 'સુસંસ્કૃત' એવા ગાંધીનગરના પ્રેક્ષકોએ તેમ છતાં ડૉ. નીપા અને એમની સઘળી શિષ્યાઓને તેમની નૃત્ય પ્રસ્તુતિ માટે અભિનંદન આપ્યાં હતાં.

અને હા, 'પ્રેક્ષકોમાંથી કોઈ સિટી તો નહીં વગાડે ને ?' એવો સંવેદનશીલ સવાલ કરનારાં ડૉ. નીપાની શિષ્યાઓ દ્વારા એક ગીતને તાળીઓની દાદ મળતાં (અલબત્ત, એ દાદ ગીતને મળી હતી, નૃત્યને નહીં) બૅકસ્ટેજમાં ચિચિયારીઓ પાડીને ઑડિયન્સ અને ઍનાઉન્સરને ડિસ્ટર્બ કરવામાં આવ્યા હતા ! કલાકારો તરફથી પણ શિષ્ટતાની અપેક્ષા પ્રેક્ષકોને હોય ખરી એ એમણે પણ સમજવું જોઈતું હતું. અને ફિલ્મી ગીતો પર ડાન્સ સામે વાંધો હતો તો કાર્યક્રમમાં શાસ્ત્રીય રાગ પર આધારિત ગીતો હતાં જ, એના ઉપર ડૉ. નીપાએ ડાન્સ રજૂ ન કર્યો ! એ વાત કંઈ સમજાઈ નહીં.




હવે વાત રાજેશભાઈના ગાયક, વાદ્ય વૃંદની. રાજેશભાઈ માટે કંઈ જ કહેવાપણું નહીં, એ જ સદાબહાર અવાજ ને પ્રસ્તુતિ. પણ બધા સાથી કલાકારો એટલા જામ્યા નહીં. એમની સાથે ગાયનની પ્રસ્તુતિ દેવેન દવે, સંગતિ મહેતા, હિરેન વૈષ્ણવ, જૂઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. ભાવનગરથી થાકીને આવ્યા હોય એમ કાર્યક્રમની શરૂઆત થઈ. એક ગીતમાં તો કલાકાર બે વાર તાલ ચૂકી ગયા હોય, એકાદ પંક્તિ ભુલાઈ ગઈ હોય એવું સઘળા પ્રેક્ષકોએ નોંધ્યું. અહીં આ કલાકારોની કલાનિપુણતા અંગે કોઈ શંકા નથી, પણ આ કાર્યક્રમમાં એમનો જાદુ ન દેખાયો. લિમ્કા બૂક ઑફ રૅકર્ડ્ઝમાં જે ગ્રૂપનું નામ હોય એની પાસેથી જે અપેક્ષા હોય એ સંતોષાઈ નહીં. શરૂઆતમાં સાઉન્ડની પણ ફરિયાદ હતી (બે ગીતોમાં ત્રણ વાર તો વ્હીસલીંગ થયું હતું), એ કારણ પણ કદાચ આડું આવ્યું હોય. પરંતુ શરૂઆત ધીમી રહી ને જેમ-જેમ કાર્યક્રમ જામતો ગયો તેમ-તેમ કલાકારો મોજમાં આવતા ગયા.

એવી જ પ્રસ્તુતિ ઉદ્ઘોષિકાની. કેમ બોલવું ને શું બોલવું એ સૂઝ ધરાવતા ને સુંદર રીતે પ્રસ્તુતિ આપવા સક્ષમ ઉદ્ઘોષિકા તૈયારી વિના આવ્યાં હોય એમ લાગ્યું. બોલવા માટે ઘણી જગ્યા એમને મળી હતી પરંતુ તેઓ માત્ર વાસી ટૂચકા કહીને હાસ્ય કલાકાર બની રહ્યાં, તાળીઓ પડાવવાની ઘણી તકો એમણે ગુમાવી.

કાર્યક્રમના સૌથી વધારે અભિનંદન વાદ્યકારોને. આ કાર્યક્રમ વાદ્યકારોનો હતો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં. દેવેન્દ્ર મહેતા, કર્મવીર મહેતા, ધર્મેન મહેતા, રવિ કામ્બડ, મિલન મહેતા અને હિમાંશુ ભટ્ટે વાદ્યોનો જે જાદુ પાથર્યો એ કાબિલે દાદ છે.

આ ચતુષ્પરિમાણીય કાર્યક્રમમાં જે અસર કલાકારો ઉપસાવવા માગતા હતા તે માત્ર એક જ ગીત 'તારોં મેં સજકે અપને સૂરજ સે દેખો ધરતી ચલી મિલને'માં અનુભવાઈ. એ વિના નૃત્ય, દશ્યની સંગત માત્ર પ્રયોગ જ બની રહી. એ જ રીતે રાજેશભાઈની ગાયકી ઉપરાંત સંગતિએ રજૂ કરેલું ડેઢ ઈશ્કિયાં ફિલ્મનું ગીત 'હમરી અટરીયા પે આજા રે સાંવરિયા...' ખૂબ સુંદર રીતે ગવાયું. મોટાભાગના પ્રેક્ષકોએ તેમ છતાં કાર્યક્રમને માણ્યો, બહુ જ ખુશી વ્યક્ત કરી, સંસ્થાને ને કલાકારોને ઘણા અભિનંદનો આપ્યા. પરંતુ, તેમ છતાં હકીકત એ પણ હતી કે રાજેશભાઈનો કાર્યક્રમ ચાલતો હોય ને પ્રેક્ષકો ઉભા થઈને હૉલ છોડી જતા હોય એવાં દશ્યો પણ આ જ કાર્યક્રમમાં જોવા મળ્યાં.

સંસ્થાનો નવા વર્ષનો પહેલો કાર્યક્રમ હોય ત્યારે આવા પ્રાયોગિક કાર્યક્રમનું સાહસ ખેડવા બદલ સંસ્થાના સૂત્રધારો અવશ્ય અભિનંદનને પાત્ર કારણ કે નવું કરવાની હિંમત જ ઈતિહાસ સર્જે છે.

અને હા, ગાંધીનગરમાં પ્રસ્તુતિ માટે આવનારા કલાકારોએ હવે એ વાત સમજી લેવાની જરૂર છે કે ગાંધીનગરમાંય કલારસિક પ્રેક્ષકો વસે છે અને હવે ગાંધીનગરમાં 'ગમે તેવું' નથી ચાલતું.